ગાંધીનગરના યુવાનોનું રતનગટ ફોર્ટ ખાતે સાહસિક ટ્રેકિંગ

પીવાયએસટીના ટ્રેકિંગ કેમ્પમાં ૨૫ યુવા ટ્રેકર્સમાં ગાંધીનગરના ૧૮ ટ્રેકર્સ હતાં : મહિલા ટ્રેકર્સની સંખ્યા પુરુષ ટ્રેકર્સ કરતા વધુ : પુરજોશમાં પવન સાથે સતત વરસતા વરસાદના વિષમ વાતાવરણમાં ૪૨૫૫ ફુટ ઉંચાઇ સર કરી

ગાંધીનગર, તા.૦૨

તાજેતરમાં ગાંધીનગરની પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા મહારાષ્ટ્રના અહેમદનગર જિલ્લાના અકોલે તાલુકામાં કળશુબાઇ હરિશચંદ્ર અભ્યારણ ખાતે રતનગઢ ફોર્ટ મોન્સુન ટ્રેકિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જોડાયેલાં ૨૫ ટ્રેકર્સ પૈકી ૧૩ મહિલા ટ્રેકર્સ હતા. આ કેમ્પમાં ગાંધીનગરના ૧૮ ટ્રેકર્સ અને અમદાવાદથી ૬ તેમજ વડોદરાથી એક ટ્રેકર જોડાયાં હતાં જેમણે આ સાહસિક ટ્રેકિંગ કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો.

પીવાયએસટીની ટ્રેકર્સ ટીમ તા. ૨૨મી જુલાઇના રોજ સાંજે ગાંધીનગરથી રોડ માર્ગે કળશુબાઇ હરિશચંદ્ર અભ્યારણ જવા નિકળી હતી અને બીજા દિવસે બપોરે અભ્યારણમાં પ્રવેશી સહ્યાદ્રિ ગિરિમાળામાં સામદ્ર ગામ પંહોચી હતી જ્યાં તેમનું એક ગ્રામીણ પરિવારના ઘરમાં રોકાણ હતું. આ કેમ્પ સાઇટ "વર્ષા વન" સમા વિસ્તારમાં હતી જ્યાં કેમ્પના ત્રણ દિવસ દરમ્યાન સતત વરસાદી વાતાવરણ છવાયેલું રહ્યું હતું. પહેલાં દિવસે સાંજે ટ્રેકર્સને એશિયાની બીજા નંબરની મોટી ખીણ સનધાણ વેલી લઇ જવાયાં હતાં જ્યાં નજીકમાં તેમણે "રીવર્સ વોટર ફોલ" નિહાળવાનો પણ આનંદ માણ્યો હતો.

બીજા દિવસે વહેલી સવારે ટ્રેકર્સે લોકલ ગાઇડ અતુલભાઇ તેમજ પીવાયએસટીના કેમ્પ ઓર્ગેનાઇઝર તેજસ ગામિત સાથે રતનગઢ ફોર્ટ તરફ પ્રયાણ કર્યુ હતું અને સતત વરસતાં વરસાદમાં તેઓ પહેલાં ખેતરોમાં કેડીઓ પરથી જંગલના કાદવ-કિચડવાળા માર્ગે ટ્રેક પર આગળ વધીને ગાઢ જંગલ વિસ્તારમાં પ્રવેશ્યાં હતાં ત્યારબાદ નદી-ઝરણાં અને મોટા પથ્થરોવાળા વિષમ રસ્તાઓ પર ચાલીને ડુંગર પર ચઢાણ કર્યુ હતુ. આ દરમ્યાન મોટા વાદળે તેમને ઘેરીને ગાઢ ધુમ્મસ સાથે વરસાદ વરસાવ્યો હતો અને બીજી તરત પવનની ગતિ પણ ધીમે ધીમે વધી જવા પામી હતી જેના કારણે ટ્રેકર્સ માટે ચઢાણ મુશ્કેલ બનવા લાગ્યું હતું. આ સાથે ટ્રેકર્સે સહ્યાદ્રિના પર્વતીય જંગલી વિસ્તારમાં દુર્ગમ માર્ગો અને લીલ જામેલાં લપસણાં પથ્થરો, પાતળી જોખમી કેડીઓ સાથે વૃક્ષોના પાંદડા આચ્છાદિત રસ્તાઓ પાર કર્યા હતાં. પર્વતની મધ્યમાં રેલીંગ અને સીધી સીડીઓના સહારે વરસતાં ધોધ વચ્ચેથી ચડીને પછી ઢીંચણથી કેડ સમી વનસ્પતિઓથી ઘેરાયેલી કેડીઓ પર આગળ વધ્યાં અને ગણેશ દરવાજાથી ગુપ્ત ગુફા પાસે થઇને ટ્રેકર્સે ફોર્ટ પ્રવેશ કર્યો હતો અને તેની બહાર ખુલ્લામાં જ્યારે તેઓ સાથે લાવેલું ભોજન જમવા બેઠાં ત્યારે ફરી પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભોજન વિરામ બાદ ટ્રેકર્સે આખરી અત્યંત જોખમી ચઢાણ એકબીજાના સહારે પાર પાડ્યું હતું અને ટોચ પર પંહોચવા આવ્યાં ત્યારે ફરી પુરજોશમાં પવનની ગતિ સાથે સાંબેલાધાર વરસાદે હુમલો કરતાં ટ્રેકર્સ માટે અંતિમ ચઢાણ અત્યંત મુશ્કેલ સાબિત થયું હતું કેમકે પવનના કારણે વરસાદની થપાટો ખૂબ વાગતી હતી અને ભીંજાયેલા ટ્રેકર્સ માટે જરાક પગ લપસે તો સીધા હજારો ફુટ ઉંડી ખીણમાં ગબડી પડો તેવી પાતળી કેડીઓ પર સમતુલન સાધવું મુશ્કેલ બની રહ્યું હતું. આખરે સફળતાપૂર્વક ટોચ પર પંહોચીને ટ્રેકર્સે હર્ષોલ્લાસ સાથે ધ્વજ ફરકાવી જયઘોષ કર્યો હતો અને પથ્થરની કમાન "આઇ ઓફ નીડલ" વચ્ચે ગ્રૂપ ફોટો લીધો હતો.

આ પછી રતનગઢ ફોર્ટના અવશેષોનું અવલોકન કરતાં કરતાં ટ્રેકર્સે ઉતરાણ શરૂ કર્યું હતું જે ચઢાણ કરતાં પણ ઘણું લાંબુ અને રોમાચંક હતું. રતનગઢના હનુમાન

દરવાજેથી પાસેની ગુફામાં પંહોચી ઠંડીથી થરથરતાં ટ્રેકર્સે ગરમાગરમ ચા અને નુડલ્સના નાસ્તાનો આનંદ માણ્યો હતો અને ફરી ઉતરાણ આરંભ્યું હતું જેમાં પાતળી કેડીઓ અને જોખમી સીડીઓ બાદ દુર્ગમ જંગલના રસ્તાઓ પર અસંખ્ય ઝરણાં અને ધોધ વગેરે સાથે ચીકણી લપસણી પીળી માટીવાળા માર્ગો પરથી લપસતાં-પડતાં-આખડતાં નીચે ઉતર્યા હતાં. રસ્તામાં એક સ્થળે ટ્રેકર્સે ગરબા અને ગ્રૂપ ફોટોનો આનંદ પણ માણ્યો હતો અને નીચે પંહોચી લાંબા રસ્તાઓની આસપાસ સહ્યાદ્રિ ગિરિમાળામાં કુદરતી સૌંદર્ય માણતાં માણતાં તેઓ રતનવાડી ખાતે અંદાજે ૨ હજાર વર્ષ જુના અમૃતેશ્વર મહાદેવના દર્શન કરીને પછી ફરી ચા અને ગરમાગરમ ભજીયાંનો આનંદ માણ્યો હતો. ત્રીજા દિવસે તા. ૨૫મી જુલાઇએ સવારે સહ્યાદ્રિના સાનિધ્યમાં નેકલેસ ફોલ અને ન્હાણે ફોલ નિહાળી સાપુતારાના માર્ગે ગુજરાતમાં પ્રવેશી ડાંગમાં ગીરા ધોધ પંહોચ્યાં હતાં. ગીરા ધોધને માણીને રસ્તામાં ડાંગી સ્ટોર્સ ખાતેથી ઓર્ગેનિક ચીજવસ્તુઓની ખરીદી કર્યા બાદ સુરત બાયપાસ થઇને સમગ્ર કાફલો મોડી રાત્રે ગાંધીનગર પરત ફર્યો હતો.

"જ્વેલ ઓફ સહ્યાદ્રિ" રતનગટ ફોર્ટ વિશે જાણવા જેવું

રતનગઢ ફોર્ટ ભંડારડરા પાસે રતનવાડીમાં સહ્યાદ્રિ ગિરિમાળામાં સ્થિત ૧૨૯૭ મીટર એટલે કે અંદાજે ૪૨૫૫ ફુટની ઉંચાઇ ધરાવતા પર્વત પર આશરે ૪૦૦ વર્ષ જુનો હવે માત્ર અવશેષો ધરાવતો કિલ્લો છે જેનો ઉપયોગ છત્રપતિ શિવાજી મહારાજ દ્વારા યુધ્ધ દરમ્યાન કરવામાં આવતો હતો. આ ફોર્ટના ચાર દરવાજા છે જેમાં ગણેશ દરવાજો, હનુમાન દરવાજો, કોંકણ દરવાજો અને ત્રિંબક દરવાજાનો સમાવેશ થાય છે. આ કિલ્લાની ટોચ પર બનેલી પથ્થરની કમાનને "આઇ ઓફ નીડલ" એટલે કે "સોયનું નાકું" તરીકે ઓળખવામાં આવે છે. આ ઉપરાંત કિલ્લાના અવશેષોમાં વિષ્ણુતિર્થ નામે ઓળખાતો જલકુંડ હજુ સાબુત છે. રતનગઢ ફોર્ટ પરનો ટ્રેક "મોન્સુન ટ્રેક" તરીકે પ્રસિદ્ધ છે.

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત જિલ્લાના ૨૦ અમૃત સરોવર ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર જિલ્લામાં દહેગામના – ૮, ગાંધીનગરના – ૨ , કલોલના – ૬ અને માણસાના – ૪ ગામના અમૃત સરોવર ખાતે આ કાર્યક્રમ યોજાશે.

ગાંધીનગર, તા.૦૨

ગાંધીનગર જિલ્લામાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત તા. ૧૫મી ઓગષ્ટ- સ્વાતંત્ર્ય પર્વના દિવસે જિલ્લાના ૨૦ અમૃત સરોવર ખાતે ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૦ અમૃત સરોવરમાં ૧૦ મનરેગા હેઠળ અને ૧૦ ડબલ્યુ.આર.ડી હેઠળ નિર્માણ પામેલા અમૃત સરોવર ખાતે આ કાર્યક્રમ યોજાશે, તેવું જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી દેવાંગી દેસાઇએ જણાવ્યું છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી દેવાંગ દેસાઇએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં કુલ- ૭૫ અમૃત સરોવર બનાવવામાં આવ્યા છે. આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત તા. ૧૫મી ઓગષ્ટના રોજ જિલ્લાના ૭૫ માંથી ૨૦ અમૃત સરોવર ખાતે રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ધ્વજ વંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૦ અમૃત સરોવરમાં ગાંધીનગર તાલુકાના – ૨, દહેગામ તાલુકાના – ૮, કલોલ તાલુકાના – ૬ અને માણસા તાલુકાના – ૪ ની પસંદગી કરવામાં આવી છે. જેમાં દહેગામ તાલુકાના ઘારિસણા, હાથીજણ, ડુમેચા, સાંપા, મીરાપુર, અંત્રોલી અને સગદલપુરના બે તળાવો ખાતે, ગાંધીનગર તાલુકાના કોલવડા અને છાલા ગામના, માણસા તાલુકાના આજોલ, કુવાદરા, ઘમેડા અને અનોડિયા (ડોડીપાર) અને કલોલના હાજીપુર, ગોલથરા, ખોરજ ડાભી, વાંસજડા અને પાનસર ગામના બે તળાવ ખાતે ધ્વજ વંદન કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ અંતર્ગત તળાવની આસપાસમાં વૃક્ષારોપણ, બેસવા માટે બાંકડા, ફાઉન્ડેશન સ્ટોન અને અન્ય સુવિધાઓ લોકભાગીદારીથી ઉભી કરવામાં આવશે. તેમજ ધ્વજવંદનનો કાર્યક્રમ ગામમાં કોઇ સ્વાતંત્રયવીર હોય તો તેમના હસ્તે કે તેમના પરિવારના હસ્તે કરાવવામાં આવશે. આ કાર્યક્રમમાં તમામ ગ્રામજનો સહભાગી બને તેવું સુચારું આયોજન પણ કરવામાં આવ્યું છે.

ગાંધીનગર આયુર્વેદિક હોસ્પિટલ કોલવડા ખાતે દર્દીને રક્તમોક્ષણ સારવાર આપી રહેલ ડોકટર અને તેમની ટીમની છે. અત્રે ઉલ્લેખનીય છે કે અહિયાં હોસ્પિટલ ખાતે ડોક્ટર અને તેમના સ્ટાફ દ્વારા દર્દીઓની કાળજીપૂર્વક સારવાર આપવામાં આવે છે. પ્રસ્તુત તસવીરમાં તબીબ સાથે ઈન્ટર્નશિપ વિધાર્થીઓ પણ તાલીમ લેતા નજરે પડે છે.

શહેરમાં ઠેર ઠેર હિંડોળા ઉત્સવનું હાલમાં આયોજન થઈ રહ્યું છે. મંદિરોમાં ભાવિકો ખુબ જ ઉલ્લાસપૂર્વક હિંડોળા ઉત્સવમાં ભાગ લઈ રહ્યા છે. સેક્ટર-૫-એ ખાતે આવેલ શિવશક્તિ મંદિર ખાતે રાધા કૃષ્ણ મહિલા પરિવાર દ્વારા સુકા મેવાના હિંડોળા યોજાયા હતા. જ્યારે શ્રી રામેશ્વર મહાદેવ મંદિર સેક્ટર-૩ ખાતે રાખડીના હિંડોળા યોજાયા હતા. આ હિંડોળા ઉત્સવમાં ભાવિકોએ ખૂબ જ ભક્તિભાવપૂર્વક ભાગ લીધો હતો.

સેક્ટર-૧૩-બી ખાતે નંદનવન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મેયર અને ડેપ્યુટી મેયર જોડાયા હતા અને વૃક્ષારોપણ કર્યુ હતુ. ગાંધીનગર મનપા ભાજપના પ્રમુખ રૂચિર ભટ્ટે વૃક્ષારોપણ કર્યુ હતુ.

જિલ્લામાં ૩-૪ દરમ્યાન ઈ-શ્રમકાર્ડ યોજના માટે સ્પેશિયલ ડ્રાઈવ

ગાંધીનગર, તા.૦૨

ગાંધીનગર જિલ્લામાં તા. ૦૩ અને ૦૪ ઓગસ્ટ, ૨૦૨૨ દરમ્યાન ભારત સરકારની અસંગઠિત શ્રમયોગીઓ માટેની ઈ- શ્રમ કાર્ડ યોજના માટે સ્પેશ્યિલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પેશ્યિલ ડ્રાઈવમાં આવનાર વ્યક્તિએ પોતાનું આધારકાર્ડ, મોબાઈલ નંબર અને બેંક પાસ બુક સાથે રાખવાના રહેશે.

આ સ્પેશ્યિલ ડ્રાઈવ ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી, માણસા, કલોલ તેમજ દહેગામ નગરપાલિકા કચેરી ખાતે યોજાશે. ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ પંચાયત ખાતે આ નોંધણી કરવામાં આવશે.

૧૬ થી ૬૦ વર્ષના તથા પી.એફ અને ઈ.એસ.આઈ.સી. નો લાભ ન ધરાવતા શ્રમયોગી તથા વ્યવસાયીને અસંગઠિત શ્રમયોગી ગણવામાં આવે છે. નોંધણી કરાવનારને પ્રથમ વર્ષ માટે ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનાનો લાભ મળશે. જેમાં આકસ્મિક મૃત્યૂ તેમજ અપંગતાના કિસ્સામાં બે લાખ રૂપિયા તેમજ આંશિક અપંગતાના કિસ્સામાં એક લાખ રૂપિયાની વીમાની રકમ મળશે.

વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર ભાવના જાગે તેવા ઉમદા આશયથી શાળાઓમાં વિવિધ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર જિલ્લાની તમામ માધ્યમિક- ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વકતૃત્વ, નિબંધ, ચિત્ર સ્પર્ધા યોજાશે આર્ટ અને ક્રાફટ દ્વારા તિરંગો બનાવવાની અને તિરંગાની થીમ ઉપર દેશભક્તિ ગીત સ્પર્ધા

ગાંધીનગર, તા.૦૨

વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર અને રાષ્ટ્રધ્વજ પ્રત્યે ગર્વની ભાવના જાગે તેવા ઉમદા આશયથી ગાંધીનગર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા ઓમાં રાષ્ટ્રધ્વજ અને દેશ ભક્તિના વિષયને અનુરૂપ વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિવિધ કાર્યક્રમોના સુચારુ આયોજન અર્થે આજરોજ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ડૉ. ભરત વાઢેરના અધ્ય ક્ષસ્થાને જિલ્લાની વિવિધ શાળાઓના આચાર્યશ્રીઓની વિડિયો કોન્ફરન્સ યોજાઈ હતી. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત તા. ૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમ્યાન હર ઘર તિરંગા કાર્યક્રમની રાષ્ટ્રવ્યાપી ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણી વિદ્યાર્થીઓના માનસપટ્ટ ઉપર સદાય જીવંત રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં પણ વિવિધ કાર્યક્રમો યોજાશે. જેમાં તિરંગાના મહત્વ ઉપર વકતૃત્વ અને નિબંધ સ્પર્ધા યોજાશે. ચિત્ર સ્પર્ધા યોજાશે. તિરંગાની થીમ ઉપર દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરાશે. આર્ટ અને ક્રાફટ દ્વારા તિરંગો બનાવવાની પ્રવૃત્તિ કરાશે. રાષ્ટ્રધ્વજની વિકાસયાત્રાનું પ્રદર્શન યોજાશે. ઉપરાંત ૧૦૦ મીટર દોડની સ્પર્ધા પણ યોજાશે. આ તમામ કાર્યક્રમો તા. ૪ ઓગસ્ટ સુધી શાળા કક્ષાએ યોજાશે. તા. ૦૬ થી ૦૮ ઓગસ્ટ સુધી એસ.વી.એસ. કક્ષાએ યોજાશે. ત્યારબાદ જિલ્લા કક્ષાની સ્પર્ધા તા. ૧૨મી ઓગસ્ટે સવારના ૮.૦૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વામી વિવેકાનંદ વિધાવિહાર, સેકટર- ૧૨, ગાંધીનગર ખાતે યોજાશે.

વાવોલનું વિરલ વ્યક્તિત્વ એટલે સ્વ.સરદારસિંહજી ગોલ

પાટનગરની સ્થાપના અને વિકાસમાં યોગદાન આપવા સાથે અસરગ્રસ્ત ખેડૂતોના હક્ક માટે "સદાજી"એ મજબૂત લડત આપી હતી : જિલ્લા પંચાયતના સભ્ય બન્યાં પહેલાં વાવોલમાં પહેલીવાર ડે. સરપંચ પદે ચુંટાયા પછી બીજી સળંગ ચાર ટર્મ બિનહરિફ ચુંટાયા હતા

ગાંધીનગર, તા.૦૨

ફરી એકવાર તા.૨જી ઓગસ્ટે ગુજરાતનું પાટનગર ગાંધીનગર તેનો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે. પાટનગરની સ્થાપના અને વિકાસમાં પોતાની મહામુલી જમીનો આપનાર ૧૪ ગામ સહિત જિલ્લાના કુલ ૩૯ ગામના અસરગ્રસ્ત ખેડૂતો પૈકી અનેક ખેડૂતો હજુ પણ તેમને મળવાપાત્ર લાભથી વંચિત છે. આ ખેડૂતો પૈકીના એક વાવોલના પૂર્વ અગ્રણી સ્વ. સરદારસિંહજી ભેમાજી ગોલ ઉર્ફે "સદાજી"ની આગેવાનીમાં અસરકારક રજુઆતને પગલે તત્કાલીન મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીએ ખેડૂતોને માત્ર રૂ.૧૦ પ્રતિ ચો.મીના ભાવે જમીન આપવાનો નિર્ણય કર્યો હતો. સ્વ. સરદારસિંહજી ગોલ જેમને વાવોલ ગામમાં આજે પણ "સદાભા" તરીકે અને ગાંધીનગર જિલ્લામાં "સદાજી" તરીકે સંબોધવામાં આવે છે.

સદાજી ગોલ વાવોલમાં પાંચ વખત ડેપ્યુટી સરપંચ રહી ચુક્યાં હતા જેમાં પહેલીવાર તેઓ ચૂંટણી લડ્યા હતા બાદમાં ચાર વખત તેઓ બિનહરીફ ડેપ્યુટી સરપંચ તરીકે પસંદગી પામ્યા હતા અને વાવોલ ગામના વિકાસમાં સતત કાર્ય રહ્યાં હતાં. જોકે તત્કાલીન સરપંચ એમ.પી.પટેલના અચાનક અવસાન બાદ તેમણે કાર્યકારી સરપંચ તરીકે પણ સેવાઓ આપી હતી. આ ઉપરાંત તેઓ જિલ્લા પંચાયતના સભ્યપદે ચુંટાયા હતા અને જિલ્લા પંચાયતની નાણાં સમિતિના અધ્યક્ષ બનાવાયાં હતા પરંતુ આ પહેલી ટર્મ દરમ્યાન જ આશરે ૫૯ વર્ષની વયે તેમનું તા.૩૦મી ઓગસ્ટના રોજ હાર્ટ એટેકના કારણે અવસાન થયું હતું. ગાંધીનગર અસરગ્રસ્ત ખેડૂત મંડળના ઉપપ્રમુખ રહેલા સરદારસિંહ ગોલ તા.૧૨મી સપ્ટેમ્બર ૧૯૮૬ના રોજ સરકારે અસરગ્રસ્ત ખેડૂતો આપેલ વાયદાનું પાલન ના થતાં પૂર્વ ધારાસભ્ય જશવંતસિંહ ચૌહાણના અધ્યક્ષપદે યોજાયેલી અસરગ્રસ્ત ખેડૂત મંડળની બેઠકમાં સરકાર પ્રત્યે આક્રોશ ઠાલવતાં કહ્યું હતું કે "સરકાર અસરગ્રસ્ત ખેડુતોની જમીન બે આને વાર પડાવી લઈને મીટરે રૂ.૮૦૦ના ભાવે હરાજીમાં વેચી અન્યાય કરે છે. " આ

બેઠકમાં વાવોલના સરપંચ કુબેરસિંહ ગોલ સહિત અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. તા. ૦૯મી ઓક્ટોબર ૧૯૮૬ના રોજ સરદારસિંહે જાહેરાત કરી હતી કે તા.૧૪મી ઓક્ટોબરના રોજ ગાંધીનગરમાં તમામ ૩૯ ગામના અસરગ્રસ્ત ખેડુતોની જંગી સભાનું આયોજન કરવામાં આવ્યું છે જેને અનુલક્ષીને તા.૧૦મી ઓક્ટોબરે તત્કાલીન મુખ્ય મંત્રી અમરસિંહ ચૌધરીએ અસરગ્રસ્ત ખેડૂત મંડળના પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત યોજી હતી જેમાં અસરગ્રસ્ત ખેડૂત મંડળના પ્રમુખ તથા સાંસદ નટવરસિંહ સોલંકી, સાંસદ જીવાભાઈ પટેલ, ધારાસભ્ય કાસમ બાપુ ઉપરાંત મંડળના ઉપપ્રમુખ સરદારસિંહ ગોલ, મહામંત્રી જીલુભા વાઘેલા તથા મનુભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ મીટીંગ બાદ નટવરસિંહ સોલંકી, સરદારસિંહ ગોલ, મનુભાઈ પટેલ અને વિનોદસિંહ રાઠોડ મુખ્યમંત્રીને તેમની ચેમ્બરમાં મળ્યાં હતાં જેમાં સરદારસિંહે અસરકારક રજુઆત કરી હતી જેનાથી અમરસિંહ ચૌધરી પ્રભાવિત થયાં હતાં. આ પછી મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીએ ખેડૂતોને જમીનના પ્લોટ આપવાની જાહેરાત કરી હતી જેને અનુલક્ષીને ખેડુતો દ્વારા જાહેર સભા મોકૂફ રાખવામાં આવી હતી. તા.૦૬ જાન્યુઆરી ૧૯૮૭ના રોજ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીએ રાંધેજા ખાતે યોજાયેલી સ્થાનિક જાહેરસભામાં અસરગ્રસ્ત ખેડુતોને દસ રૂપિયે ચો.મીટરના લેખે જમીન આપવાની અને તે માટે સે.૨૭માં ૮૫ હજાર ચો.મી. જમીન અનામત રખાઈ હોવાની જાહેરાત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે તે વખતે જમીનનો બજાર ભાવ આશરે રૂ.૨૦૦થી રૂ.૩૦૦ પ્રતિ ચો.મી ચાલી રહ્યો હતો. આ જાહેર સભામાં ઉપસ્થિત સરદારજી ગોલે મુખ્યમંત્રીનો જાહેરમાં આભાર માન્યો હતો. તા.૧૪મી જુન ૧૯૮૭ના રોજ તેમની સાથે વાવોલનું પ્રતિનિધિમંડળ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીને મળ્યું હતું અને તેમાં ખેડુતોને જમીન, મકાન, નોકરી અંગે પુનઃ રજૂઆત કરી પ્લોટોની ફાળવણી કરવા માંગ કરી હતી. તા.૩૧મી માર્ચ ૧૯૮૯ના રોજ તત્કાલીન જીલ્લા કલેકટર રીટા તેવટીયા દ્વારા ૬૪૧ જેટલા અસરગ્રસ્તોને બોલાવી જમીન ફાળવણીનો ડ્રો કરવામાં હતો જેમાં સરદારસિંહ ગોલ ઉપસ્થિત રહ્યાં હતા. એવું કહેવાય છે કે સરદારસિંહજી ગોલ જરુરી દસ્તાવેજો સાથેનો થેલો ખભે લટકાવી દરરોજ સવારે કલેકટર કચેરીએ પહોંચી જતાં હતાં. પાટનગરના સ્થાપના દિન પ્રસંગે અસરગ્રસ્તો અવાજને વાચા આપનાર નિષ્ઠાવાન જનપ્રતિનિધિના પુણ્ય સ્મરણ સાથે તેમને વંદન.

આઈઆઈટી-ગાંધીનગર ખાતે તેના પ્રથમ કલા ઉત્સવનો શુભારંભ

અસંખ્ય રંગછટાઓ અને પ્રવૃત્તિઓ સાથે તા.૨થી ૭ ઓગસ્ટ સુધી આર્ટ ફેસ્ટિવલનું આયોજન : આર્ટ ફેસ્ટિવલમાં લોકકથા, ભીંતચિત્ર, નાટક અને થિયેટ્રિકલ અજાયબીનું અનોખું મિશ્રણ

ગાંધીનગરઃ તા.૦૨

આઈઆઈટી-ગાંધીનગર ના નવા સ્થપાયેલા આર્ટ સ્ટુડિયો દ્વારા કેમ્પસમાં પ્રથમવાર આર્ટ ફેસ્ટિવલનો પ્રારંભ કરવામાં આવ્યો છે તે અહીંના વિદ્યાર્થીઓ તેમજ અન્યો માટે એક કલાપૂર્ણ સપ્તાહ બની રહેશે. તા.૨જી ઓગસ્ટથી ૭મી ઓગસ્ટ દરમિયાન સપ્તાહ-લાંબા આર્ટ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે, અને તે પાર્ટિસિપેટ્સ માટે વિવિધ કલા સ્વરૂપોનો આકર્ષક અનુભવ પ્રદાન કરવા માટે આર્ટ વર્કશોપ, પ્રદર્શન, ફિલ્મ સ્ક્રીનીંગ, કલાકારની વાર્તાઓ અને ઘણા રંગીન પ્રદર્શનોથી ભરપૂર છે.

આઈઆઈટી-ગાંધીનગર આર્ટ ફેસ્ટિવલમાં પ્રખ્યાત ફાડ કલાકાર કલ્યાણ જોષી દ્વારા રાજસ્થાનના પરંપરાગત ફાડ ચિત્રો પર પ્રદર્શન, જાણીતા ગુજરાતી સિનેમા અને થિયેટર કલાકાર અભિનય બેંકર દ્વારા થિયેટર વર્કશોપ પરંપરાગત કલાકાર જયંતિ ચિતારા દ્વારા બ્લોક પ્રિન્ટીંગ વર્કશોપ પરંપરાગત કલાકારો રાધા ભટ્ટ અને સુભાષ ભટ્ટ દ્વારા કઠપૂતળી બનાવવાની વર્કશોપ પપ્પુ રામ ભોપા અને કમલા દેવી (ભોપા અને ભોપી) દ્વારા ફાડ પર્ફોર્મન્સ, પરંપરાગત કલાકારોની ટીમ દ્વારા કઠપૂતળીનો શો, જે મેક-શિફ્ટ સ્ટેજ પર્ફોર્મન્સ દ્વારા કઠપૂતળીઓને જીવંત કરશે, પરંપરાગત કલાકારોની ટીમ દ્વારા કાચી ઘોડીનું પ્રદર્શન, જે કચ્છી ઘોડી નૃત્ય દ્વારા રાજસ્થાનના લેન્ડસ્કેપ્સ અને તેની કાલાતીત વાર્તાઓનું અન્વેષણ કરવામાં મદદ કરશે. આર્ટ ફેસ્ટિવલ તેના પાર્ટિસિપેટ્સ અને મુલાકાતીઓ માટે રહસ્યવાદી લોકકથા, ભીંતચિત્ર, નાટક અને નાટ્ય અજાયબીના અનોખા મિશ્રણને રજૂ કરવા માટે આઈઆઈટી-ગાંધીનગર સાથે સંકલન કરીને અવની વરિયા દ્વારા સૌંદર્યલક્ષી રીતે ક્યુરેટ કરવામાં આવ્યું છે. તમામ આર્ટ વર્કશોપ, એક્ઝિબિશન અને પરફોર્મન્સ રજીસ્ટ્રેશન દ્વારા બધા માટે ખુલ્લા રાખવામાં આવ્યા છે. આર્ટ વર્કશોપ માટે રજીસ્ટ્રેશન બંધ થઈ ગયું હોવા છતાં, કલાપ્રેમીઓ હજુ પણ તા.૪ થી ૬ ઓગસ્ટ દરમિયાન આર્ટ એક્ઝિબિશનની મુલાકાત લઈ શકે છે અને ૬ ઓગસ્ટના રોજ રાજસ્થાનની પરંપરાગત ફાડ આર્ટ પર કલાકાર ટોક અને ફિલ્મ સ્ક્રીનીંગમાં હાજરી આપી શકે છે.